# આજે ભૂપેન્દ્રભાઈની યુવા સરકારનો શપથવિધિ

## મંત્રીમંડળની રચનામાં નો રીપીટ થિયરીનો અમલ કરાશે : ૩૫ થી ૫૦ વર્ષની વય જૂથના જ યુવા મંત્રીઓ હશે : યુવા મતદારો વધતાં યુવા સરકારની રચનાનો અભિગમ અપનાવાયો

ગાંધીનગર, તા. ૧૫

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે બપોરે ૧.૩૦ કલાકે તેમના મંત્રીમંડળનું વિસ્તરણ કરશે. પાટનગરના રાજકીય વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચાઓ મુજબ બે તબક્કે વિસ્તરણ કરવાની વ્યુહરચના સાથે હાલ મોવડીમંડળ આગળ વધી રહ્યુ છે.

પ્રથમ તબક્કામાં મંત્રીમંડળમાં નો રીપીટ થીયરીનો સજ્ઞાઈ સાથે અમલ કરવામાં આવશે. મુખ્યમંત્રી પટેલ, પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ, પ્રભારી ભૂપેન્દ્ર યાદવ, મહામંત્રી રત્નાકર વચ્ચે ગઈકાલે મોડી રાત સુધી ચર્ચાઓ ચાલી હતી. જેમાં સર્વાનુમતે નો રીપીટ થિયરીનો અમલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મંત્રીમંડળમાં નો રીપીટ થિયરીના અમલ સાથે આગળ વધી રહેલ પટેલ સરકાર દ્વારા તમામ મંત્રીઓને આજે મોડી સાંજ સુધીમાં ઓફિસો ખાલી કરવાના આદેશ આપવામાં આવ્યા હતા એટલુ જ નહિ સરકારી ગાડીઓ પણ જમા કરાવી દેવા જણાવાયુ છે. આજે આને લઈને સ્વર્ણિમ સંકુલમાં ફરજો બજાવતા કર્મયોગીઓ સિવાય અન્ય કોઈને પ્રવેશ નહિ આપવાના આદેશ પણ આપવામાં આવ્યા હતા.

આજે આખો દિવસ મંત્રીઓને ત્યાંથી પડતર ફાઈલોનો હિસાબ લેવામાં વિભાગો વ્યસ્ત રહ્યા હતા. ઘણી બધી ફાઈલો નિકાલ થયા વગરની રહી ગઈ છે.

બીજી તરફ આજે જ મંત્રીમંડળનું વિસ્તરણ થઈ રહ્યુ છે તેવી રાજકીય અફવાઓથી સચિવાલય સહિત સમગ્ર પાટનગરમાં વાતાવરણ ઉત્તેજનાસભર રહ્યુ હતુ.

આખો દિવસ કેટલાક સિનીયર મંત્રીઓ ટેકેદારો સાથે દબાણ ઉભુ કરવા માટે વ્યસ્ત રહ્યા હતા એટલુ જ નહિ કેટલાક મંત્રીઓ તો સામાજિક આગેવાનો સાથે કમલમ્ પહોંચ્યા હતા પરંતુ પ્રદેશ નેતાગીરીએ માત્ર કેન્દ્રીય મોવડીંડળના નિર્ણયનો અમલ થશે તેમ કહી અને પોતાનુ મન આપવાનુ ટાળ્યુ હતુ.

જો કે સંપૂર્ણ યુવા સરકાર બનાવવાના અભિગમ સાથે કેન્દ્રીય મોવડીમંડળ આગળ વધી રહ્યાનું સૂત્રોએ જણાવ્યુ છે. ગુજરાતમાં આગામી ચૂંટણીમાં યુવા મતદારો જ કી રોલ ભજવશે તે ધ્યાને રાખી કેન્દ્રીય મોવડીમંડળે નો રીપીટ સાથે યુવા સરકારની રચના માટેની લીલી ઝંડી આપી દીધી હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

## નવા મંત્રીઓના કાર્યાલયમાં પણ જૂના કર્મયોગીઓને સ્થાન નહિ અપાય

ગાંધીનગર, તા. ૧૫

રાજયમાં નવી સરકાર બનવાની સાથે નવા મંત્રીઓના કાર્યાલયમાં પણ નવા જ કર્મયોગીઓની નિયુક્તી કરવામાં આવશે.

નવી સરકારની રચનાને પગલે સામાન્ય વહીવટ વિભાગે ગઈકાલે ૩૫ સેક્શન અધિકારીઓ અને ૩૫ નાયબ સેક્શન અધિકારીઓની યાદી જાહેર કરી હતી.

દરમ્યાન રાજયના મુખ્યમંત્રીએ કાર્યાલયમાં નો રીપીટ થિયરીના નિર્ણયને પગલે આજે તેમના અંગત અધિક મુખ્ય સચિવ તરીકે પંકજ જોશી, સચિવ તરીકે સુશ્રી અવંતિકા સિંઘ ઔલખ, ઓ.એસ.ડી. તરીકે ડૉ. એમ.ડી. મોડિયા અને એન.એન. દવેની નિયુક્તીના હુકમો આજે ખાસ સૂચનાથી સામાન્ય વહીવટ વિભાગે જારી કર્યા છે.

નવા મંત્રીમંડળની શપથવિધિ પછીની પ્રથમ બેઠકમાં જ ખાતાની ફાળવણી સાથે તેમના કાર્યાલયમાં સ્ટાફની નિયુક્તીમાં પણ નો રીપીટ થિયરીનો અમલ કરવાની તેમજ ફાઈલો પડતર ન રહે અને જડપી નિકાલ સાથે પ્રજાભિમુખ વહીવટીતંત્ર અંગે માર્ગદર્શન આપવામાં આવશે. જો કે આજે આખો દિવસ મંત્રીઓના કાર્યાલયમાં કર્મચારીઓ ઓફિસ ખાલી કરવાને લઈ અને ફાઈલો પરત વિભાગોમાં આપવાને લઈ વ્યસ્ત રહ્યા હતા પરંતુ નો રીપીટની થીયરીની ચર્ચાઓ આજે સચિવાલય સંકુલમાં ચર્ચામાં ટોપ સ્થાને રહી હતી.

## સ્માર્ટ સીટી પ્રોજેક્ટના અંતિમ વર્ષે સૂચનો માટે મુદત વધારાઈ

ગાંધીનગર, તા. ૧૫

ગ્રીનસીટી ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવાવના અભિયાનને વધુ આગળ ધપાવતા તંત્રએ માંગેલા સૂચનો અંગે લોકોનો નબળો પ્રતિસાદ જોઈ તંત્રએ આ સૂચનો મેળવવાની મુદતમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

૨૦૧૭માં સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં સમાવિષ્ટ થયેલા ગાંધીનગર માટે આ અંતિમ વર્ષ પ્રોજેક્ટને લઈ શરૂ થઈ રહ્યુ છે પરંતુ તંત્રને આ વર્ષે જનભાગીદારીના અભિગમ અંતર્ગત નાગરિકોના સૂચનો મેળવવાના થાય છે. આ સૂચનો ખૂબ જ ઓછી સંખ્યામાં મળતાં તંત્રએ તેની મુદત ૩૦મી સપ્ટેમ્બર સુધી વધારી દીધી છે.

ગુજરાત સરકાર અને ભારત સરકાર તરફથી મળતી ગ્રાન્ટના વપરાશનો મુદ્દો લોકજીભે ચર્ચાનો મુદ્દો બન્યો હોવાથી તંત્રને ઓછા સૂચનો મળ્યા છે. આ સ્માર્ટસીટી પ્રોજેક્ટમાં હવે નાના અને ઝડપથી પૂરા થઈ શકે તેવા જ કામો સૂચવવાની વાતો મનપાના તંત્ર દ્વારા કહેવામાં આવી છે.

વોટર એ.ટી.એમ. સહિતના નવતર પ્રોજેક્ટો અમલી જરૂર બન્યા હતા પરંતુ તે નિષ્ફળ પુરવાર થયા છે. અન્ડરપાસ બનાવવાનો નિર્ણય પણ લોકજીભે ચર્ચાનો મુદ્દો બન્યો છે. આ ઉપરાંત વાઈફાઈ સેવાઓ પણ લોકજીભે ચર્ચાનો મુદ્દો બન્યો હોવાથી આ વખતે લોકોએ પ્રતિસાદ આપવાનું ટાળ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે ૧૬મી સપ્ટેમ્બર આ સૂચનો મેળવવાની અંતિમ તારીખ નિયત કરાઈ હતી પરંતુ ખુબ જ નબળો પ્રતિસાદ મળતાં તંત્રએ આ મુદતમાં વધારો કરી અને જરૂર પડ્યે તંત્રના અધિકારીઓને મેદાનમાં ઉતારી વધુ ને વધુ સૂચનો મળે તે માટેની રણનીતિ તૈયાર કરી હોવાનું જાણવા મળેલ છે.

સ્માર્ટસીટી પ્રોજેક્ટ પૂર્ણ થતાં પહેલાં જ તેની હદ વધારવાનો નિર્ણય લેવામાં આવતાં પણ નબળો પ્રતિસાદ હોવાનું મનાઈ રહ્યુ છે. કારણ કે નવા કામો નવા ભેળવવામાં આવેલા વિસ્તારોમાં અગ્રતા આપશે કે જૂના સેક્ટોરમાં જ હાથ ધરાશે તેની કોઈ સ્પષ્ટતાઓ નથી. સેકટરોના આંતરિક માર્ગો પહોળા કરવાના નિર્ણયનો લઈ પણ લોકોની હાડમારી વધી છે એટલુ જ નહિ ગાંધીનગરના મૂળભૂત પ્રશ્નો પણ વણ ઉકલ્યા રહ્યા હોવાથી લોકોનો નબળો પ્રતિસાદ હોવાનુ જાણવા મળેલ છે.



સ્માર્ટ સિટીનું સ્માર્ટ લેક - આ તસવીર ગાંધીનગરના ગામડાની નથી... પરંતુ શહેરના મધ્યભાગે નિર્માણાધિન ગ-૪ અન્ડરપાસ તળાવમાં ફેરવાયો તેની છે... ચાર દિવસ પૂર્વે પડેલા વરસાદી ઝાપટામાં અન્ડરપાસનો સમગ્ર વિસ્તાર તળાવમાં ફેરવાઈ ગયો હતો... પરિણામે રખડતા પશુઓ તળાવમાં ડૂબકી લગાવી રહ્યાની આ તસવીર જોતા જ ગામડાની ભાગોળના તળાવની યાદ અપાવી જાય છે...

## મનપાની ચૂંટણી અંગે ચૂંટણી પંચે ખાસ સમીક્ષા બેઠક યોજી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગર પાલિકાની યોજાનારી સામાન્ય ચૂંટણીની તૈયારીઓને લઈ આજે રાજ્ય ચૂંટણી પંચે ખાસ સમીક્ષા બેઠક ચૂંટણી અધિકારીઓ સાથે કરી હતી. આજે બપોરે રાજ્ય ચૂંટણી પંચે યોજેલી આ બેઠકમાં ઈ.વી.એમ.ની તૈયારીઓ, ઝોનલ ઓફિસરોની નિયુક્તીઓ તેમજ આનુસંગિક મુદ્દાઓને લઈ ખાસ સમીક્ષા કરી હતી. સામાન્ય ચૂંટણી બે વખત મુલ્તવી રાખવામાં આવી હોવાથી ઘણા બધા કર્મચારીઓ છ માસમાં સેવા નિવૃત્ત થયા હોય અથવા બદલીઓ થઈ હોય તો તાત્કાલિક નિમણુંક હુકમો રિવાઈઝ્ડ કરી અને જારી કરવા માટે ખાસ માર્ગદર્શન આપ્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે ચૂંટણીને લઈ લોકોમાં જન જાગૃતિ આવે તે માટે મતદાર જાગૃતિ અભિયાન પણ યોજવામાં આવે તે માટે પણ ખાસ ભાર મુકવામાં આવ્યો હતો. આ ઉપરાંત નવા પોસ્ટલ બેલેટ માટે જરૂરી તમામ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરવાનુ હોવાથી તે માટેનો જરૂરી જથ્થો ઉપલબ્ધ થયો કે નહિ તે વિશે પણ ચર્ચાઓ થઈ હતી તેમજ મતદાનમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

## શહેરમાં વેગવંતો બનતો ડોર-ટુ-ડોર પ્રચાર

### ઉમેદવારો અને કાર્યકરોના ટોળાં ચોકઠે ચોકઠે ફરતાં થયા : ચૂંટણી કાર્યાલયો પર મોડી રાત્રિ સુધી બેઠકોનો દૌર : નારાજ જૂથ મતદારોને મનાવી લેવા ''મધ્યસ્થી''ઓનું માર્કેટ ગરમ







ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓને આડે ગણતરીના દિવસો રહ્યાં છે અને તે સાથે જ શહેરમાં ચૂંટણી પ્રચાર વેગવંતો બની રહ્યો છે. શહેરમાં હવે વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારોને ડોર-ટુ-ડોર પ્રચારના શ્રીગણેશ કરી દીધાં છે અને દિવસભર રાજકીય પક્ષોના કાર્યકરોના ટોળેટોળાં સેક્ટરોના ચોકઠાંમાં ફરતાં જોવા મળી રહ્યાં છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની સત્તા માટે આ વખતે ત્રિ-પાંખિયો જંગ ખેલાઈ રહ્યો છે. આ વખતે ભાજપ-કોંગ્રેસ જેવા જુના હરિફોની સાથે પહેલીવાર આમ આદમી પાર્ટી જેવા નવા તરોતાજાં સ્પર્ધકે ઝંપલાવ્યું છે જે બંને જુના હરિફો માટે ચિંતાનો વિષય બની રહી છે. ભારતીય જનતા પાર્ટી તેના માઈક્રો પ્લાનિંગથી અને કોર્પોરેટ સ્ટાઈલના આયોજન માટે જાણીતી છે તે મુજબ દરેક વોર્ડમાં પેજ પ્રમુખ અને પેજ સમિતિની નિમણૂંક કરીને સભાનતાપૂર્વક આગળ વધી રહી છે. શહેરમાં ભાજપે કોરોના મહામારીની બીજી લહેર વખતે જે ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો તેમાંથી બહાર આવી રહી છે. સ્થાનિક અસંતુષ્ટોને ભાજપે અનેકવિધ 'સેલ' બનાવી તેમાં સ્થાન આપીને સાચવી લેવાની નીતિ અપનાવી છે જેનો કોંગ્રેસમાં અભાવ દેખાઈ રહ્યો છે. ભાજપે આ વખતે મહિલાઓ અને યુવાનો પર દારોદમામ વધાર્યો હોવાનું જણાઈ આવે છે તો કોંગ્રેસ હજુ પણ તેના જુના જોગીઓના સહારે ચૂંટણીની વૈતરણી પાર પાડવા મથી રહી છે. શહેર કોંગ્રેસમાં કેટલાંક વોર્ડમાં ખૂબ તાજગી દેખાય છે તો કેટલાક વોર્ડમાં નિરૂત્સાહ પણ અનુભવાઈ રહ્યો છે. શહેર કોંગ્રેસના કાર્યકારી પ્રમુખની સતત મથામણ અને કોંગ્રેસના કેટલાક જુના ગઢ સમા વિસ્તારો કોંગ્રેસ માટે સકારાત્મક પાસુ છે. જો કે ભાજપની જેમ કોંગ્રેસના અસંતુષ્ટો પર 'આપ'ની નજર લાગેલી છે. જે પરિણામોમાં અણધાર્યા ફેરફાર આપી શકે છે. અત્યાર સુધીના ચૂંટણી પ્રચારમાં 'આપ' કોંગ્રેસ કરતા વધુ સક્રીય રીતે સ્થાનિક પ્રશ્નોને ઉંચકીને નાગરિકો સાથે 'કનેક્ટ' થવામાં સફળ રહી છે.

અત્યારે શહેરમાં પ્રચાર માટે ઉમેદવારો ડોર-ટુ-ડોર ફરવા સાથે ચૂંટણી કાર્યાલયો પર બેઠકો, ચા-નાસ્તાની સતત જયાફતો તેમજ પેમ્પ્લેટ્સ-પત્રિકાઓ વહેંચવાના કાર્યો વેગ પકડી રહ્યાં છે. આ સાથે સોશ્યિલ મિડીયાનો પણ ભરપૂર ઉપયોગ કરાઈ રહ્યો છે. આ ઉપરાંત ઉમેદવારો દ્વારા પોત પોતાના વોર્ડમાં નારાજ જુથોને મનાવી લેવા તેમજ નવા જુથોને બેઠક માટે આમંત્રિત કરીને અચુક વોટના 'લૉટ' ફિક્સ કરી દેવાની કવાયતો ચાલી રહી છે જેમાં અત્યારે મધ્યસ્થીઓની બોલબાલા ખાસ જોવા મળી રહી છે.

## શહેરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટને આડશ બનતી ડાળીઓ દુર કરવા ટ્રીંમીગ કરાશે

### સેકટરોના વન આરક્ષિત વિસ્તારમાં પણ વનતંત્ર દ્વારા સફાઇ કરવામાં આવશે

ગાંધીનગર તા ૧૫

શહેરના સેકટરોમાં જોખમી વૃક્ષો હજુ યથાવત છે. જયારે વરસાદી દિવસોમાં વન આરક્ષિત વિસ્તારમાં પણ બિનજરૂરી ઘાસ અને વનસ્પિત ઉગી નિકળી છે. બીજીતરફ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટ માટે આડશ બનતી વૃક્ષોની ડાળીઓના લીધે સેકટરોના આંતરિક માર્ગો તેમજ રીંગ રોડ પર અંધારપટ્ટ છવાયેલો જોવા મળે છે. જેને અનુલક્ષી વનતંત્ર દ્વારા ટુંકમાં ટ્રીમીંગની કામગીરી શરૂ કરાશે.

**સેકટરોમાં તબક્કાવાર સ્ટીટ લાઇટના થાંભલાને આડશ બનતી ડાળીઓ દુર કરાશે. આ ઉપરાંત આગામી દિવસોમાં વન આરક્ષિત વિસ્તારમાં પણ સફાઇની કામગીરી હાથ ધરાશે.**

શહેરના સેકટરોમાં વરસાદી દિવસો દરમિયાન નમી પડેલી વૃક્ષોની ડાળીઓ નડતરરૂપ બની છે. એકબાજુ ચોમાસામાં આમ પણ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો લબુક જબુક થતી જોવા મળે છે જયારે સેકટરોના રીંગ રોડ અને આંતરિક વિસ્તારમાં લાંબા સમયથી સ્ટ્રીટ લાઈટના પોલ્સ માટે આડશ બનતી વૃક્ષોની તોતિંગ ડાળીના લીધે અંધારુ છવાયેલુ જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે લાઈટો ચાલુ હોવા છતા માર્ગો પર અજવાળુ પથરાતુ નથી જેના લીધે રાત્રિના સમયે રહીશોને પરેશાની વેઠવી પડે છે. સેકટરોમાં રીંગ રોડ સહીત આંતરિક વિસ્તારમાં મોટાભાગના સ્ટ્રીટ લાઈટના થાંભલાને આડે વૃક્ષોની ડાળીઓ લપેટાઇ ગઇ છે. વનતંત્ર દ્વારા સેકટરોમાં ઘણાં સમયથી ટ્રીમીંગ કરવામાં આવ્યુ નથી શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં પણ વૃક્ષોને ટ્રીમીંગ અનિવાર્ય છે. અગાઉ વનતંત્ર દ્વારા જોખમી અલબત્ત ઉભા સુકા વૃક્ષો દુર કરવા માટે કટોતી કરવામાં આવી હતી. જયારે હજુ પણ તબક્કાવાર જોખમી વૃક્ષો દુર કરવામાં આવી રહ્યા છે. ત્યારે સેકટરવાસીઓની રજુઆતન ધ્યાને લઇ વનતંત્ર દ્વારા સેકટરમાં આડશરૂપ બનેલી વૃક્ષોની ડાળીઓ કાપવા માટે ટ્રીમીંગ કરવામાં આવશે. સેકટરોમાં તબક્કાવાર સ્ટીટ લાઇટના થાંભલાને આડશ બનતી ડાળીઓ દુર કરાશે. આ ઉપરાંત આગામી દિવસોમાં વન આરક્ષિત વિસ્તારમાં પણ સફાઈની કામગીરી હાથ ધરાશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

## પથિકાશ્રમના રૂમના રીનોવેશન પાછળ ૧ કરોડનો ખર્ચ કરાશે

### પથિકાશ્રમના ૩૦ રૂમનુ રીનોવેશન શરૂ કરાયુ : આગામી દિવસોમાં બિલ્ડીંગને નવો લુક આપવા માટે પણ દરખાસ્ત કરાશે

ગાંધીનગર તા ૧૫

પથિકાશ્રમ બિલ્ડીંગના રીનોવેશનનુ કામ શરૂ કરાયુ છે. જો કે પથિકાશ્રમના કુલ ૬૦ રૂમ પૈકી ૩૦ રૂમનુ રીનોવેશન હાથ ધરવામાં આવ્યુ છે. પથિકાશ્રમના રૂમના રીનોવેશન બાદ હવે બિલ્ડીંગનો લુક બદલવા માટે પણ વિભાગને દરખાસ્ત કરવામાં આવશે.

પથિકાશ્રમ બિલ્ડીંગના રીનોવેશનની કાર્યયોજના હાથ ધરવામાં આવી છે. પથિકાશ્રમમાં ૬૦ જેટલા રૂમ છે. જયારે આ પૈકી ૩૦ સરકાર હસ્તક છે. જયારે અન્ય ૩૦ ટેન્ડર પ્રક્રીયાના આધારે ખાનગી એજન્સીને સોંપી દેવાયા છે. છેલ્લા ઘણાં સમયથી પથિકાશ્રમના રૂમની જાળવણી ન થતા આ રૂમ ખંડેર બનવા તરફ હતા જયારે પથિકાશ્રમના બિલ્ડીંગનો લુક પણ જુનો થઈ ગયો છે. આ સ્થિતિનો ધ્યાને લઈ પથિકાશ્રમના રીનોવેશનની યોજના હાથ ધરવાનો નિર્ણય લેવાયો હતો જો કે હાલ પુરતા માત્ર રૂમનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જેમાં પ્રથમ તબક્કામાં પથિકાશ્રમના ૩૦ રૂમનાનુ રીનોવેશન કરવામાં આવી રહ્યુ છે. હાલ આ રીનોવેશની કામગીરી સંદર્ભે તોડવાનુ કામ ચાલી રહ્યુ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com